# વિકિપીડિયાનો ભૂતકાળ સારો રહ્યો, ભવિષ્યું નક્કી નથી

સારાંશ
★ વિન્સી મરચન્ટ

આ વરસની પંદર જાન્યુઆરીના રોજ દુનિયાના સૌથી મોટા અને સૌથી જાણીતા વિશ્વવ્યાપી ઓનલાઈન માહિતી સંગ્રહ વિકિપીડિયાનાં 25 વરસ પૂરાં થયાં. નવી ડિજિટલ ટેકનોલોજીનો આ પ્રથમ એન્સાયક્લોપીડિયા છે. તેના પ્રથમ પચ્ચીસ વરસ તો ઉજ્જવળ અને શાનદાર પૂરાં થયાં પરંતુ આજની નવી AI ટેકનોલોજીનાં આક્રમણ સામે વિકિપીડિયાનું ભવિષ્ય ઉજળું ભાસતું નથી, સિવાય કે તે પણ AI ટેકનોલોજીને સાંગોપાંગ સ્વીકારી લે.

વિકિમિડિયા એ વિકિપીડિયાની સ્ટલિંગ કંપની છે. કંપનીનો ઉદ્દેશ્ય નફો રળવાનો નથી તેથી છેલ્લાં પચ્ચીસ વરસથી ધમધોકાર ચાલી રહી હોવા છતાં યે કંપનીએ આજ સુધીમાં કોઈ મોટો નફો રળ્યો નથી. દરેક લોકો સુધી વિનામૂલ્યે જ્ઞાન અને માહિતી પહોંચાડવા એ સંસ્થાનો ઉદ્દેશ છે. વિકિપીડિયા દ્વારા સંચિત કે અર્જિત જ્ઞાનનો દુનિયાની હરકોઈ વ્યક્તિ વિનામૂલ્યે ઉપયોગ કરી શકે છે. સંસ્થાના કોઈ રાજકીય ઉદ્દેશ્યો નથી, છતાં અમુક લોકોને વિકિપીડિયાની અમુક વિચારધારા ખટકે છે. જ્ઞાનની પ્રાપ્તિ, સંકલન, પરિમાર્જન, સંગ્રહ અને વિતરણ માટેની આ દુનિયાની સૌથી મોટી નોન-પ્રોફીટ સંસ્થા છે. સંસ્થા લોકશાહીય ઢબે દુનિયાભરમાં ફેલાયેલા સ્વાર્થરહિત સ્વયંસેવકો તરીકે કામ કરતાં લેખકો, સંપાદકો, કોન્ટ્રીબ્યુટરો દ્વારા ચલાવવામાં આવે છે અને તેથી વિરલ છે.

'મેઈક અમેરિકા ગ્રેટ અગેઈન' (માગા)ના જમણેરી અમેરિકી તત્વોને વિકિપીડિયા સામે મોટો વાંધો છે. માગાના ધજાધારી અમેરિકન ઉદ્યોગપતિ ઈલોન મસ્ક દુનિયાના સૌથી મોટા શ્રીમંત છે અને બીજા ધજાધારી ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ છે. એટલે વિરોધ પણ મોટો હોવાનો. ઈલોન મસ્કનો આરોપ છે કે વિકિપીડિયા રાજકીય ઈરાદાઓ અને પક્ષપાત ધરાવે છે. યહૂદી- વિરોધી વલણ ધરાવે છે અને યહૂદીઓ સામેના વિરોધને ભડકાવે છે. વિકિપીડિયાની નો-પ્રોફીટ પોલિસી પણ મસ્કને શંકાસ્પદ લાગે છે.

દુનિયાની અમુક તાનાશાહી સરકારોને વિકિપીડિયાનાં લખાણો માફક આવતાં નથી, સંસ્થા માટે માનદ્ સેવા આપતાં લેખકો, પત્રકારો, સંપાદકો વગેરેને જેલમાં પૂરી દેવાની ઘટનાઓ અમુક દેશોમાં ઘટી છે. સંસ્થાના સ્વયંસેવકોની સલામતીની સમસ્યા ક્યારેક ચિંતાજનક અને પડકારરૂપ બની જાય છે. જે દેશ-વિદેશની સરકારોને વિકિપીડિયાનું જ્ઞાન માફક આવતું નથી તેઓને સમજાવવા માટે ખાસ પ્રયત્નો કરવા પડે છે. સંસ્થાએ પણ લોબિંગ કરવું પડે છે અને તે માટે નાણાંની વ્યવસ્થા કરવી પડે છે. સ્વયંસેવીઓનો પીછો કરવો, બદલો લેવા વગેરે જોખમો ઘણા વધી ગયાં છે. તેઓને સલામતી અથવા રક્ષણ પૂરાં પાડવા માટે સંસ્થાએ માનવાધિકાર કાર્યકર્તાઓ અને વકીલોની ફોજ તૈયાર રાખવી પડે છે. વિકિપીડિયાના દાવા પ્રમાણે તેણે તટસ્થતાને મુખ્ય સિદ્ધાંત તરીકે અપનાવી છે. તો પણ માનદ્ સેવા આપતા કાર્યકરોએ તાનાશાહો અને જૂના કટ્ટરપંથીઓનો નાટકનો સામનો કરવો પડે એવી સ્થિતિ મોટું સંકટ બની જાય છે. સામનો કરવા માટે વિકિપીડિયાએ ક્યારેક આક્રમક બનવું પડે છે. ક્યારેક ડિપ્લોમસીની અને ક્યારેક ડિપ્લોમેટ્સની મદદ લેવી પડે છે. પચાસ વરસનાં શ્રીમતી બર્નાડીટ મીહાનને સંસ્થાના CEO તરીકે ગયા જાન્યુઆરીમાં નિયુક્ત કરાયાં તેની પાછળનું પ્રમુખ કારણ ડિપ્લોમસીને પ્રાધાન્ય આપવાનું છે. બર્નાડીટ ચીલી ખાતેનાં અમેરિકી રાજદૂત હતાં.

અમેરિકાના અનેક મહત્ત્વનાં વિદેશી કરારો પાછળ એમની ભૂમિકા મહત્ત્વની હતી. ઓબામાના શાસન દરમિયાન ઈરાન, ક્યૂબા વગેરે સાથે મહત્ત્વની સંધિઓ થઈ હતી. તેમાં એમનું મહત્ત્વનું યોગદાન હતું. વિકિપીડિયાએ ભવિષ્યમાં અનેક રાજદ્વારી અડચણોનો સામનો કરવો પડશે અને તેનો ઉકેલ રાજદ્વારી પ્રક્રિયાથી આણી શકાશે એ ખ્યાલ સાથે એમને, દુનિયાની સૌથી વધુ વિઝિટેડ દસ સાઈટોમાંની એક, સાઈટનાં વડાં નીમવામાં આવ્યા છે. વરસ 2007નું આખું વરસ શ્રીમતી બર્નાડીટે ઈરાકની યુદ્ધભૂમિ પર પસાર કર્યું હતું. ત્યાં એમને માનવજાતિની ઘોર દાનવતા, પાશવીપણાનો નજરે જોયો પરિચય થયો હતો. એમને લાગે છે કે વિકિપીડિયા સાઈટ ભલે ખરેખર યુદ્ધભૂમિ નથી, પરંતુ યુદ્ધભૂમિથી કઈ કમ પણ નથી. એ કહે છે કે દુનિયામાં વૈચારિક ધ્રુવોમાં વહેંચાઈ ગયેલી દુનિયામાં વિકિપીડિયા જગતના લોકો માટે એક પ્રિય, એક વિશ્વસનીય નોલેજ સાઈટ છે. એમના કહેવા મુજબ સાઈટ એક એવા મોડ-તબક્કા પર છે. જ્યાંથી તેને કેમ જીવંત રાખવી તે એક ગહન મંથનનો વિષય બને છે.



ઈલોન મસ્ક માને છે કે વિકિપીડિયા પણ ટીવી ચેનલોની માફક એક લિગેસી મિડિયા પ્રપોગેન્ડા છે. મસ્કએ પોતાના ફોલોઅર્સને સલાહ આપી છે કે તેઓ વિકિપીડિયાને કોઈ પણ આર્થિક દાન કે મદદ ન કરે. વિકિમિડિયા ફાઉન્ડેશન, જે વિકિપીડિયાનું સંચાલન કરે છે તે અમેરિકાના જાહેર જીવનમાં, નોકરી ધંધાઓમાં અલગ અલગ ધર્મો, પ્રજાઓનું વૈવિધ્ય ઈચ્છે છે અને તેને લગતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. તેનો વિરોધ કરવાની મસ્કની ભલામણ છે. મસ્ક અને બીજા અનેક રૂઢીચુસ્ત અમેરિકનોનો સમુદાય માને છે કે વિકિપીડિયા પર સાઈટ ડાબેરી અને લિબરલ રાજકીય વિચારધારાને પાંગરવા માટેની ખેતીવાડી પુરવાર થઈ રહી છે. આ કારણથી ઈલોન મસ્ક તેને 'વોકપીડિયા' તરીકે ઓળખાવે છે. વોકીઝમની જરૂર કરતા વધુ ઉદાર વિચારધારા અમેરિકાના એક મોટા સમુદાયને માન્ય નથી. વિકિપીડિયાની વિચારધારા હમાસ તરફી અને યહૂદી વિરોધી ગણાઈ રહી છે. કહે છે કે વિકિપીડિયા આવા પ્રકારનું માનસિક વલણ ધરાવતાં લેખકો અને સંપાદકોને જ કામ સોંપે છે. ઘણા રિપબ્લિકન સાંસદો આ મુદ્દા પર સહમત છે. સંપાદકો પોતાના જૂથો રચીને વોકીઝમનો ઈરાદાપૂર્વક ફેલાવો કરે છે. તેઓએ હમાસની તરફેણમાં વિચારો ફેલાવ્યા હતા. સેનેટર ટીમ ક્રુઝના આ આક્ષેપો છે. ટ્રમ્પ સરકારમાં AI વિભાગના વડા ડેવિડ સાક્સ પ્રસિદ્ધ રાજકીય વિવેચક ટકર કાર્લસન તેમજ 2001માં લેરી સેન્ગર સાથે મળીને જેમણે વિકિપીડિયાની સ્થાપના કરી હતી એ ખૂદ લેરી સેન્ગર વગેરે માને છે કે હમાસની બાબતમાં વિકિપીડિયા પક્ષપાતી છે અને યહૂદી-વિરોધી ભાવના ભડકાવે છે.

સંસ્થાને નોન-પ્રોફીટ ગણાવી કરવેરામાંથી જે રાહત આપવામાં આવી તે સ્ટેટસ બાબતે ગયા વરસે ટ્રમ્પ શાસન દ્વારા સંસ્થાની પૂછપરછ કરાઈ હતી. ગયા ઓગસ્ટમાં બીજી એક સંસદીય તપાસ યોજાઈ હતી. સંસ્થા પર કોઈ વિદેશી તાકત, સંસ્થા કે વ્યક્તિની અસર છે કે કેમ? અને જો હોય તો તે અસર હેઠળ કામ કરતા વિકિપીડિયાના લેખકો-સંપાદકોને ઓળખી કાઢવા તે આ તપાસનો દાયરો હતો. વિકિમિડિયા ફાઉન્ડેશન કહે છે કે આ બંને તપાસોમાં ફાઉન્ડેશને પૂર્ણ સહકાર આપ્યો હતો. તપાસનાં પરિણામો હજી જાહેર કરાયાં નથી. એમ પણ કહેવામાં આવે છે કે વિકિપીડિયા સાઈટ બાબતે લોકોમાં ખોટી ધારણાઓ ફેલાવવામાં આવી છે. તેને દૂર કરવા માટે શ્રીમતી બર્નાડીટ અને એમની ટમ કામે લાગી છે. ફાઉન્ડેશન પાસે એકવીસ કરોડ ડોલરનું વાર્ષિક બજેટ છે અને 600 કર્મચારીઓ તેમાં કામ કરે છે. તપાસ દરમિયાન તેઓએ કોમ્પ્યુટરો અને સર્વરો તપાસનીશોને સોંપી દીધાં હતાં પરંતુ લેખો પસંદ કરવા પાછળ કંઈ વિચારધારા કામ કરે છે તેની કોઇ વિગત આપી ન હતી. સંસ્થા કહે છે કે કોઇ ડાબેરી ટોળકીઓ કે દુષ્ટ લોકો વિકિપીડિયામાં કામ કરતાં નથી. આ પ્રકારના વ્યાવધાનો સામે કામ પાર પાડવા સંસ્થાએ લોબીસ્ટોને રોકવા પડે છે. ગયા નાણાકીય વરસમાં તેની પાછળ લગભગ પોણા બે લાખ ડોલર વપરાયા હતા.



**દુનિયાની અમુક તાનાશાહી સરકારોને વિકિપીડિયાનાં લખાણો માફક આવતાં નથી, સંસ્થા માટે માનદ્ સેવા આપતાં લેખકો, પત્રકારો, સંપાદકો વગેરેને જેલમાં પૂરી દેવાની ઘટનાઓ અમુક દેશોમાં ઘટી છે**

સંસ્થા પર આ પરિબળોની નજીવી અસરો પડે, તેને દૂર પણ કરી શકાય. પરંતુ સૌથી મોટો ખતરો છે તે આજની નવી ટેકનોલોજીનું મિલન કરવા માગતી નથી. નવી ટેક્નોલોજીને તે જુગુપ્સાસર્જક દુષ્ટ તરીકે ઓળખે છે. સૌથી મોટી ટ્રેજિક-કોમેડી એ છે કે આ નવી ટેક્નોલોજી વિકિપીડિયાના સંગ્રહિત જ્ઞાનની મજા લૂંટી રહી છે. હવે વિકિપીડિયા વાસ્તવિક્તાને સ્વીકારવા માંડી છે. સંસ્થાએ એન્ટરપ્રાઈઝ નામક એક પેટા કંપની ચાર વરસથી શરૂ કરી છે. અમેઝોન અને માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ પાસેથી ઝડપી બલ્કડેટા એક્સેસ માટે તે ચાર્જ વસુલે છે.

વિકિપીડિયા સામે દુનિયામાં રાજકીય પડકારો છે તેમાં ચીન, મ્યાનમાર, ઉત્તર કોરીઆમાં તેના પર સંપૂર્ણ પ્રતિબંધ છે. તુર્કીયે ત્રણ વરસ પ્રતિબંધ મૂક્યો હતો તે 2020માં ઊઠાવી લીધો. ઈન્ડોનેશિયાની સરકારે હમણાં ધમકી આપી હતી તે અનુસંધાને હમણા સંસ્થાએ ઈન્ડોનેશિયાની સરકાર સાથે વાટાઘાટો યોજી હતી. 2020 બાદ વિકિપીડિયાના દસ સંપાદકોને જેલમાં પુરવામાં આવ્યા છે અને બીજા અનેકને ધમકીઓ અપાઈ છે. જો કે આ નવી રીત કે નવો માહોલ નથી. જ્યારથી અખબારો શરૂ થયા ત્યારથી તે અજમાવવામાં આવતાં રહ્યાં છે.

ગઈ પંદર જાન્યુઆરીએ પચ્ચીસ વરસ પૂરાં કર્યાં તે નિમિત્તે મેનહટ્ટન, ન્યુયોર્કના યુનિયન સ્ક્વેઅર પર આવેલા સિવિક હોલમાં તેની ઊજવણી યોજવામાં આવી હતી. તે દિવસે જે ઘટના ઘટી તે બતાવે છે કે સંસ્થાઓ કેવી કેવી ખોપડીઓનો સામનો કરવો પડે છે! વિકિપીડિયાને જે લોકો સ્વેચ્છાએ જ્ઞાનસામગ્રી પૂરી પાડે છે તે લોકો વિકિપીડિયન્સ તરીકે ઓળખાય છે. સિવિક હોલ ખાતેના સમારંભમાં મુખ્યત્વે એ લોકોની હાજરી હતી.

વિકિમિડિયા ફાઉન્ડેશનમાં મુખ્ય અધિકારી શ્રીમતી મેરીઆના ઈસ્કંદરે સ્ટેજ પર આવીને સ્પીચ આપવાની શરૂઆત કરી ત્યાં જ શરીર પર રંગબેરંગી વસ્ત્રો ધારણ કરીને એ ઊંચો યુવાન સ્ટેજ પર મેરીઆનાની નજીક પહોંચી ગયો અને ઊંચેથી બોલ્યો, કે, હું કોઈને હાનિ ન પહોંચાડું તેવો પિડોફાઈલ (બાળકો સાથે કામવાસના ભોગવવા ઈચ્છતી વ્યક્તિ) છું. પિડોફીલિયા વિશેની વિકિપિડિયાની પોલિસીનો વિરોધ કરવા માટે હું અત્યારે અહીં આત્મહત્યા કરવા માગું છું. જે લોકો પોતાને પિડોફાઈલ જાહેર કરે તેને વિકિપીડિયા પર બ્લોક કરી દેવાય છે.

એ યુવાનના હાથમાં પિસ્તોલ હતી. ઓડિયન્સમાંથી લોકો સ્ટેજ પર દોડી ગયા અને એને પકડી લીધો અને પોલીસને સોંપી દીધો ત્યાં સુધીમાં સ્ટેજ પર અફરાતફરી મચી ગઈ હતી. કેવા લોકોને ક્યારે, ક્યાં, શા માટે ખોટું લાગી જશે તે આજના યુગમાં કહેવું મુશ્કેલ છે.